**સલિલ ત્રિપાઠી * સત્યજિત રાય માટે**

ઉત્તેજિત ધબકારાની જેમ ધડકતી લહેરને ધક્કે ડોલતા કાશના ખેતર વચ્ચે
પગદંડી પર ઠેકડતા ઠેકડતા
વિસ્મિત આંખે જોયું આભ
જેને ઘૂઘવાતા મોજાની જેમ ગળી જાય વાદળ અને સંતાડી દે
જ્યારે ધસમસતી આગગાડી સર્પની જેમ લિસોટા પાડી આથમી ગઈ ક્ષિતિજની
પેલે પાર

મારી અવાક આંખ જોતી એકીટશે
એ ચકરાવતી ધૂમ્રસેર
એ પલાયન થયેલો પડછાયો

ને
વારાણસીના ઘાટે નદીમાં ડગમગ ડોલતા કોડિયાને હલબલાવી
પ્રચંડ ફફડાટ સાથે સેંકડો કાગડા ઊડ્યા,
અને છવાઈ ગયો અંધકાર
ફરી એક વાર

ને
આંગળીઓ પંપાળે ઓશીકાના ગલેફ પર
ક્યારેય ન જોયેલા કે દેખાયેલા કે મળેલા ચીપિયાને
જ્યારે રસોડામાં સંભળાય ઊભરાતા પાણીનો થરથરાટ
અને ફેલાય ચાની સુવાસ

ને
ખંડિયેર રાજમહલની છતે લટકતા ઝુમ્મરમાં અફળાઈ ફેલાતો પ્રકાશ
એ તેજના કિરણો છેદે પડછાયાને
અને કઈ ઓરડીમાં કયા ઝરૂખેથી સંભળાય
ઝાંઝરોનો ઝણકાર

ને
ઢોલનગારાની ત્રાડ વચ્ચે રૂંધાય દેવીનો અવાજ

દેખાય માત્ર એનાં ચકોર ચપળ ચક્ષુ

ને
ખટારાના ઉગ્ર ઓડકાર જેવા ડરામણા ડીઝલનો ઘોંઘાટ શમતાં
ઝૂંપડાના અંધકારમાં પ્રસરે મીણબત્તીનો પ્રકાશ
ઉજ્જ્વલિત કરે ગુલાબીનો ચહેરો

ને
ઉપલા માળે પડદાના બાકોરામાંથી ઓપેરા ગ્લાસથી ગલીનું નિરીક્ષણ કરતી
ચારુલતા
જે પછી મધ્યાહ્‌ને હિંડોળે બેસી ઝૂલતી આગળપાછળ
શ્વાસની જેમ ક્ષુબ્ધ બને એનો ચહેરો
લક્ષ્ય એનું એક
એ હસમુખ ચહેરો
એને હોઠે સ્ફૂરે ગીત
પિયાનોને પગથિયે મલકે એના હોઠ
સંભળાય એની ઘોષણા
મેડિટરેનિયન જાણે તાનપૂરાનો ઝણકાર
અને ઘણા વખત પછી
ધ્રૂજતા, કાંપતા હાથ
અચકાતાં અચકાતાં
ખેંચાય એમના હાથ તરફ
જ્યારે સાગર ધુએ રેતીના તટને
અને સ્થગિત થઈ જાય સમય
બે હાથ અડોઅડ
હસ્તમેળાપ માટે બેબાકળા તત્પર આતુર
થંભી જાય ફ્રેમમાં

ને
હિમાચ્છાદિત કાંચનજંઘાના શિખર રમે વાદળ જોડે એક અલબેલી સંતાકૂકડી
ને બદલાઈ જાય આકાશના રંગ
ચિત્રકારની રકાબીમાં ક્ષણે ક્ષણે
લાગણીઓની જેમ

ને
ટ્રામના ઘોંઘાટ અને મહાનગરના કોલાહલ વચ્ચે
પ્રત્યેક પગલે વિષમતા ભૂંસતી આરતીનાં પગલાં

ને
ઇંદ્રજિતના સંકોચાતાં સ્વપ્નોથી હતાશ થતો સિદ્ધાર્થ રઝળે મહાનગરીમાં
પોતાની શોધમાં

ને
વૃક્ષ નીચે નદી કાંઠે સાદડી પર શબ્દોની રાસલીલાની રમઝટ
રવીન્દ્રનાથ
કાર્લ માર્ક્સ
ક્લિઓપાત્રા
અતુલ્ય ઘોષ
હેલન
શેક્સપિયર
માઓ ત્સે તુંગ
ડોન બ્રેડમેન
રાની રાશમની
બોબી કેનેડી
ટેકચંદ ઠાકુર
નેપોલિયન
મુમતાઝ મહલ
એ બધાને ખભે ચડી
કોઈ પણ બહાને
સંબંધ રચવાના ડગુમગુ પ્રયત્ન

ને
શતરંજની બાજીના ઘેનમાં ઓતપ્રોત અમીર જમીનદાર થાય એવા તો મશગૂલ
કે ભુલાઈ જાય ભૂંસાઈ જતું વિલીન થતું રજવાડું

ને
ઉંમરો ઓળંગી પગલાં પાડી
ચાલે વૈધવ્ય તરફ એક સૌભાગ્યવતી

ન ઘરે, ન બહાર

ને
પર્વતશિખર પર અતીતના પાનાને છુટકારો આપી
પવન લઈ જાય ત્યાં જવાની મુક્તિ આપી
પોતાના શિશુને પોતાને ખભે ઊંચકી
અજાણ્યા આગંતુકની જેમ
ચાલી પડ્યો અપુ
આવતી કાલની ખોજમાં
*

---

**: સુરેશ જોષી જન્મશતાબ્દી-ઉત્સવ :**

પ્રત્યક્ષ મળવું શક્ય ન હોય એવા કપરા કોરોનાકાળમાં સાહચર્ય-મિત્રો નિયમિતપણે ઓનલાઇન સાહિત્યિક ગોષ્ઠિ કરતાં રહ્યાં છે. તે દરમિયાન, ગુજરાતી સાહિત્યના આધુનિક યુગના પ્રણેતા **સુરેશ જોષી**ને એમના જન્મશતાબ્દી વર્ષમાં અંતરંગ મિત્રોએ અંતરની ગઠરી ખોલીને યાદ કર્યા. આ સહુ મિત્રો પોતપોતાનાં ક્ષેત્રના નામવંત હોવા ઉપરાંત સુરેશભાઈ સાથે અંગત અને નિકટનો સંબંધ ધરાવતા હતા. એવાં ૧૯ રોચક વક્તવ્યોની શૃંખલાને *ક્ષિતિજ સંશોધન પ્રકાશન કેન્દ્ર*ના *એતદ્* દ્વારા પ્રસ્તુત ***સુરેશ જોષી સ્મરણપર્વ*** તરીકે YouTube પર મૂકી છે. YouTube પર Remembering Suresh Joshi ટાઇપ કરવાથી આ શ્રેણી સુધી પહોંચી શકાશે. દરેક સાહિત્યરસિકે સુરેશ જોષીના સાહિત્ય તેમ જ વ્યક્તિત્વના રસભર્યા આસ્વાદ અને ઊંડા પરિચય માટે આ શ્રેણી અવશ્ય જોવી/સાંભળવી રહી.

૧૯ વક્તવ્યોમાં સહભાગી મિત્રો છે : *ગુલામમોહમ્મદ શેખ, સુનીલ કોઠારી, શિરીષ પંચાલ, સુમન શાહ, બાબુ સુથાર, પ્રણવ સુરેશ જોષી, પ્રબોધ પરીખ અને ગણેશ દેવી.*